# નિવેદન

'નાનાભાઈ હ. જેબલિયા : વ્યક્તિ અને વાઙ્મય' પુસ્તકની આ બીજી આવૃત્તિ બાર વર્ષ પછી થઈ રહી છે એ મારા અને નાનાભાઈ હ. જેબલિયાનાં ચાહક વર્ગ માટે પણ આનંદનો વિષય છે. આ પુસ્તકનો પ્રાદુર્ભાવ એક પરિસંવાદની પ્રાપ્તિ રૂપે થયો હતો. અને આ બીજી આવૃત્તિનું નિમિત્ત પણ એક પરિસંવાદ બને છે. પહેલો પરિસંવાદ ૨૦૧૦માં સર્જકની હયાતીમાં – ઉપસ્થિતિમાં સર્જકનાં ગામ સાવરકુંડલામાં થયો હતો. બીજો પરિસંવાદ સર્જકનાં અવસાન બાદ ૨૦૨૨માં 'વિશ્વકોશ ટ્રસ્ટ' અમદાવાદ ખાતે થયો, જેમાં પ્રતિષ્ઠિત સર્જકવક્તાઓએ વક્તવ્યો રજૂ કર્યાં અને લેખો પણ આપ્યા. નાનાભાઈ હ. જેબલિયાનું સર્જન ઘણું વિશાળ છે. પહેલા પરિસંવાદ વખતે અને પુસ્તક કરતી વખતે એમાંના ઘણા વિષયોની ચર્ચા-સમીક્ષા કરવી રહી ગઈ હતી. જે બીજા પરિસંવાદથી પ્રાપ્ત થઈ. ઉપરાંત ઘટતું લખાવીને પણ આ બધું આ પુસ્તકમાં ઉમેરી લેવું જોઈએ, એવી લાગણી-માગણીએ આ બીજી આવૃત્તિનો પ્રકલ્પ અસ્તિત્વમાં આવ્યો છે. વળી આ પુસ્તકની પહેલી આવૃત્તિ 'શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન' દ્વારા પ્રકાશિત થઈ ત્યારે વાચકોનો સારો આવકાર પણ મળેલો. આમ આ બીજી આવૃત્તિ ઉક્ત લેખોનાં ઉમેરણ સાથે થઈ રહી છે એટલે આને સંવર્ધિત આવૃત્તિ પણ કહી શકાય.

પહેલી આવૃત્તિમાં થોડી ત્રુટિઓ રહી જવા પામી હતી તે અહીં સુધારી લેવાઈ છે. ખાસ તો પહેલી આવૃત્તિમાં પરિસંવાદના પ્રાસંગિક સંદર્ભો હતા તે અહીં દૂર કર્યા છે. એ માટે આ પુસ્તકના પ્રકાશન માટે સંમત થનાર 'ઝેન ઓપસ'નો ખાસ આભારી છું. કેમ કે એમણે આ પુસ્તકને હાથ પર લેતાં ઝીણવટપૂર્વક જોયું-વાંચ્યું અને આવા પ્રાસંગિક સંદર્ભો દૂર કરવા સૂચન કર્યું. બીજી આવૃત્તિના આ પ્રકલ્પમાં પ્રત્યક્ષ યા પરોક્ષ સહભાગી થનાર સૌનો ફરીથી હૃદયપૂર્વક આભાર!

**– કેસર મકવાણા**

# અનુક્રમણિકા

1. નાનાભાઈ જેબલિયાની નવલકથાઓ :
કેટલાંક નિરીક્ષણો ..............................મનસુખ સલ્લા .......................1

2. જાનપદી જનજીવનનું રસપ્રદ કથાચિત્ર .......બાબુ દાવલપુરા ....................10

3. 'મેઘરવો' : ગામડાનાં ઉધાર પાસાનાં
અંધારામાં સુચરિત આંખોનો ઉજાસ ..........રઘુવીર ચૌધરી.....................17

4. નોંખી માટીની નવલકથા : 'ખાંભી' ...........કેસર મકવાણા.................... 24

5. અનુભવના ટકોરા................................નાનાભાઈ હ. જેબલિયા..........31

## ટૂંકી વાર્તા

6. કથન, ગદ્ય, બોલી અને
નાનાભાઈ જેબલિયાની વારતા 'રમલો' ......માય ડિયર જયુ....................36

7. કાનથી વાંચવા જેવી વાર્તાઓ:
નાનાભાઈ હ. જેબલિયાની વાર્તાકળા .........કિરીટ દૂધાત .......................39

8. માનવીય ધારણાઓને
ધક્કો આપતી વાર્તાઓ..........................કેસર મકવાણા.................... 52

9. ઘટનાનો ઓળીપો કરું છું .......................નાનાભાઈ હ. જેબલિયા..........57

## કટારલેખન

10. 'સર્જકતાનું રળિયામણું તોરણ'................રતિલાલ બોરીસાગર..............63

## ઇતિહાસકથાઓ / ગૌરવકથાઓ

11. નાનાભાઈ જેબલિયાની ઇતિહાસકથાઓ......મનોજ રાવલ .......................71

12. નાનાભાઈ જેબલિયાની બલિદાન કથાઓ ....કેસર મકવાણા.................... 76

## સંત સાહિત્ય

13. 'સંતકથાઓ' : 'નાના' ભાઈનું
(હાંસિયામાં મુકાઈ ગયેલું) 'મોટું' કામ ......દલપત પઢિયાર ....................87

## હાસ્ય સાહિત્ય

14. લોકસાગરના તળિયેથી હાસ્યમોતીઓ
શોધી સમાજને વહેંચનાર મોટા ગજાનો
મરજીવો એટલે નાનાભાઈ .....................જગદીશ ત્રિવેદી....................91

## વ્યક્તિ અને વાઙ્મય

15. આ હકો પારેખ તો ગામનો
હોંકારો છે, હંઅ! ................................વિનોદ ભટ્ટ .......................109

16. કાઠિયાવાડી ધરતીની તાજી માદક સૌરભ
પ્રસારતા સર્જક : નાનાભાઈ જેબલિયા .......રમણલાલ જોશી ................. 112

17. મેઘાણીનો વારસો જાળવનારાઓમાં
વિશિષ્ટ એવા એક લેખક :
નાનાભાઈ જેબલિયા............................યશવન્ત મહેતા.................. 114

18. નામે નાના, પણ કામે જેબદાર લેખકનો
અંતરંગ અને ઑફબીટ ઇન્ટરવ્યૂ .............રાધેશ્યામ શર્મા.................. 116

19. વંકી ધરાનું વંકું વહેણ :
નાનાભાઈ જેબલિયા............................મનોહર ત્રિવેદી..................125

20. કરમાઈ કરમાઈને ખર્યા... .....................રજનીકુમાર પંડ્યા ...............134

21. નાનાભાઈ હ. જેબલિયા : કાવ્યચિત્ર.........મનોહર ત્રિવેદી..................144

# નાનાભાઈ જેબલિયાની નવલકથાઓ : કેટલાંક નિરીક્ષણો

મનસુખ સલ્લા

નવલકથામાં પ્રાદેશિક વસ્તુ, વાતાવરણ અને પાત્રભાષા સાથે નોંધપાત્ર રીતે કામ પાડનાર અને સફળ થનાર સર્જકોમાં આજે નાનાભાઈ જેબલિયા, ગોરધન ભેંસાણિયા, અશોકપુરી ગોસ્વામી છે. જૉસેફ મેકવાન પણ એનાથી પ્રતિષ્ઠિત છે. રઘુવીર ચૌધરીની પ્રાદેશિક અને આધુનિક બંનેમાં સફળ ગતિ છે.

નાનાભાઈ જેબલિયા સૌરાષ્ટ્ર અને તેમાંય સાવરકુંડલા વિસ્તારમાં પ્રાદેશિક કથાવસ્તુ અને વાતાવરણને આલેખતા, એના તળપદ રંગો અને જીવનને વધુમાં વધુ વફાદારીથી મૂર્ત કરતાં વિશિષ્ટ નવલકથાકાર છે. એક નાનો પ્રદેશવિશેષ કોઈ લેખકનો કેન્દ્રસ્થ વિષય હોય, ત્યારે લેખક ઊંડાણમાં કેટલા જાય છે તે મુખ્ય કસોટી હોય છે. કથામાં સમાન ગતિભાત, પાત્રોમાં નજીકના જીવનભાવો જોવા મળે તે સહજ છે. પરંતુ નાનાભાઈને ઘટનાઓ અને પાત્રોની જીવનરેખાઓ માટે કશો આયાસ કરવો પડતો નથી. તળ ધરતીનું, ગામસમાજનું તેમણે કેવળ અવલોકન જ નથી કર્યું, એ એમનો અનુભવ અને અનુભૂતિનો પ્રદેશ છે. એ સઘળું તેમના લોહીના લય જેવું સહજ છે. એમનો સ્વકીય ઇલાકો છે. તેમણે જ કહ્યું છે તેમ, “લખવા માટે એક આખી જ જિંદગી ઓછી પડે એટલું બધું ગ્રામજીવનનું ભાથું મારી સાંભરણમાં સચવાયેલું પડ્યું છે... સર્જકની પોતીકી અનુભૂતિ હોય, ધરાતલે જિવાતા જીવનનો સાચૂકલો સથવારો હોય અને શબ્દ પ્રત્યે સર્જકની ભાવભક્તિ હોય, તો ગ્રામ્ય નવલકથાઓ માટેનો બહુ મોટો ઉમળકો હાથ ફેલાવીને ગુજરાતને ટીંબે હજીય ઊભો છે.” (આયખું તો શમણાંનો દેશ, પ્રાસ્તાવિક પૃ. ૫-૬) એટલે એમની નવલકથાઓમાં ગ્રામજીવનની સાચી સોડમ વરતાય છે. તેમને જિવાતા જીવનનો સાચો સથવારો સાંપડેલો છે.

લેખકની બારમાંથી દસ નવલકથાઓ દૈનિકોમાં ધારાવાહિક રૂપે પ્રગટ થઈ

છે. એમાંથી પાંચેક નવલકથાઓનું તેમણે પુનર્લેખન કર્યું છે. નવલકથા સ્વરૂપની શિસ્ત બહારના પ્રસ્તારને તેમણે ઘટાડ્યો છે, એથી સ્વરૂપદૃષ્ટિએ નવલકથાઓ વધુ સુબદ્ધ બની છે. લેખકની જે નવલકથાઓનો મેં અભ્યાસ કર્યો, તેમાં તરણાનો ડુંગર (૧૯૬૬), નવા અવતારે – સુક્કાભીના સંગાથ (૨૦૦૬), લોહરેખા (૧૯૭૦), નવા અવતારે ખળભળ વહેતી તરસ (૨૦૦૮), રંગ બિલોરી કાચના (૧૯૭૨), નવા અવતારે - માનવી ધરા-ધૂળના (૨૦૦૭), મેઘરવો (૧૯૭૪-૨૦૦૯), આયખું તો શમણાનો દેશ (૧૯૯૫) અને ખાંભી (૨૦૦૪) મુખ્ય છે.

કોઈ લેખકની એક નવલકથાનું વાંચન અને ત્રણેક દાયકામાં પથરાયેલી, પ્રતિનિધિરૂપ છએક નવલકથાઓના વાંચનના અનુભવમાં ફરક પડે છે. ભાવક તરીકે આપણું ચિત્ત વધુ તુલનાત્મક બનતું હોય છે. લેખકના વિશેષો અને મર્યાદાઓના મૂલ્યાંકન માટે, સમગ્રદર્શી અસર માટે વધુ તટસ્થ બની શકીએ છીએ. નાનાભાઈ જેબલિયાની નવલકથાઓના આસ્વાદમાં પણ એમ બનશે તો એ સહજ ઘટના હશે. આ નવલકથાઓને એકસાથે વાંચતાં લેખકની અમુક ભાત (પેટર્ન) જોવા મળે છે.

લગભગ તમામ નવલકથાઓની નાયિકાઓ (ઉજી, કસુંબી, વિજુ, કાશી વગેરે) સત્ત્વશીલ, દુઃખને ભરી પીનારી, શિયળ અને સ્વત્વના રક્ષણ માટે ઝૂઝનારી, વીજળી જેવી તેજ અને પોયણી જેવી પતિપ્રેમી છે. વધુ સાચા વ્યક્તિત્વવાળી, વધુ હૃદયસ્પર્શી અને તળ ધરતીમાંથી જન્મેલી ધીંગી અને ગજવેલ લોખંડ જેવી અણનમ છે. નાયિકાઓનાં આલેખનમાં જેબલિયા સુસંગત, ગ્રામજીવનને વફાદાર અને માનવનાં ચિત્ત-સંચલનોને પારખનારા છે, તેમ પ્રતીત થાય છે. નાયિકાઓનાં વર્ણનોમાં તેમણે અદ્‌ભુત સંયમથી કામ લીધું છે, તેથી શૃંગાર, પરાક્રમ, દુઃખનાં દળણાં કરવાની ત્રેવડ કે મૃત્યુના વરણમાં એમની નાયિકાઓ ગૌરવપૂર્ણ રહી શકે છે. જો કે 'મેઘરવો'ની સગુણા જે રીતે મુકુન્દને પરણવા રાજી થાય છે, તેના માર અને અપમાનને સહી લે છે, તે તેના પૂર્વઆલેખિત વ્યક્તિત્વ સાથે સુસંગત નથી. અતિરંજિતાએ પાત્રને છીછરું બનાવી દીધું છે. 'રંગ બિલોરી કાચના'ની રાધીમાં વધુ સંકુલ વ્યક્તિત્વની શક્યતાઓ હતી. પણ લેખકે ભાવનામયતાને પૂરતી ગણી, તેથી વ્યક્તિત્વ બરાબર ઊપસી શક્યું નથી.

વિપુલ માત્રામાં પાત્રોની અને ઘટનાઓની રચના એ જેબલિયાની લાક્ષણિકતા છે. તેઓ પોતે જ સ્વીકારે છે કે તેમની નવલકથાઓમાં વીસેક પાત્રો તો હોય જ છે.' (શબ્દસૃષ્ટિ, ઑક્ટોબર-૨૦૦૭) કેટલીક નવલકથામાં તેથી વધુ પણ છે. પાત્રના વ્યક્તિત્વની લાક્ષણિકતાઓ તેમને હાથવગી છે.